ઉત્તર ગુજરાતના મંદિરોને ટાર્ગેટ બનાવતો તસ્કર ગેંગનો સૂત્રધાર ઝડપાયો

પાલનપુર, તા.૨૭

સમગ્ર ઉત્તર ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં ચોરી કરવા માટે મંદિરોને ટાર્ગેટ બનાવતી ગેંગનો મુખ્ય સુત્રધાર બનાસકાંઠા પોલીસે ઝડપી પાડયો છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ બનાસકાંઠા એસ.પી. અશોક યાદવે જિલ્લામાં થતી ઘરફોડ ચોરીઓ અટકાવવા અને ચોરીનો ભેદ ઉકેલવા એકશન પ્લાન ઘડયો હતો. તે અંગેની કામગીરી એલ.સી.બી. અને એસ.ઓ.જી.ને સોંપી હતી.

ત્યારે પાલનપુર શહેરમાં અનેક સ્થળોએ કોમ્પ્યુટર અને તેના પાર્ટસ ચોરતો શખ્સ ત્યારબાદ દાંતા તાલુકાના આદિવાસી પ્રાથમિક શાળા ગંગવા અને નારગઢના કોમ્પ્યુટર ચોરી અને ખેડબ્રહ્માની બાઈકચોરીનો ભેદ ઉકેલી લીધા બાદ ગત રોજ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા-મહેસાણા, પાટણના ગ્રામ્ય વિસ્તારોના મંદિરોને ટાર્ગેટ બનાવતા તસ્કર ટોળકીનો સુત્રધાર વિષ્ણુ જેણાજી ઠાકોર અંગે ચોકકસ બાતમી બાદ પાલનપુર હાઈવે રોડ ખાતેથી કાઈમ બ્રાન્ચ પોલીસ ઈન્સ્પેકટર જી.આર. રબારી સ્પે. ઓપ. ગ્રુપના પી.એસ.આઈ. એચ.એમ. ગઢવીની ટીમે રંગે હાથ ઝડપી લીધો હતો.

વિષ્ણુ ઠાકોરે કરેલી વિવિધ ચોરીઓ કબુલી હતી. આ શખ્સને ઝડપી લીધા બાદ પોલીસે તેના સાગરિતોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

ભિલોડાના ભૂતાવડ ગામે લગ્નની લાલચે યુવતીનું અપહરણ

હિંમતનગર, તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના ભૂતાવડ ગામમાં તેનાજ ગામના યુવકે એક સગીરાને લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કરેલાની ભિલોડા પોલીસ મથકે નોંધ થઈ હતી.

ભૂતાવડ ગામે તા. ૨૩-૧૧-૧૨ના રોજ એક ૧૭વર્ષની સગીરાને તેનાજ ગામનો યુવક શૈલેષભાઈ બલજીભાઈ કટારાએ લગ્ન કરવાની લાલચ આપી બદકામ કરવાના ઈરાદાથી અપહરણ કરી લઈ ગયેલાની સગીરાના પિતાએ ભિલોડા પોલીસ મથકે તા. ૨૬-૧૧-૧૨ના રોજ ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે ભિલોડા સી.પી.આઈ. એસ.જે. મોદીએ ઈ.પી.કો. કલમ ૩૬૩, ૩૬૬ મુજબનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વિધાનસભાની ચૂંટણીમાં વિદેશી દારૂની રેલમછેલ સામે ગુજરાત પોલીસ દ્વારા ચાંપતી નજર હોવા છતાં વિદેશી દારૂના બુટલેગરો પોલીસને ખુલ્લો પડકાર ફેંકી પ્રતિબંધિત વિદેશી દારૂની હેરાફેરી કરી પોલીસને લપડાક મારી રહ્યા છે. ત્યારે અણથળા પોલીસની ટીમે ભેમાજી ગોલીયા પાસે નાકાબંધી કરી સ્પેશીયો ગાડીમાંથી રૂ. ૧,૫૦,૬૦૦નો વિદેશી દારૂ ઝડપી લઈ બે ઈસમોને જેલના સલીયા પાછળ ધકેલતા બુલેગરોમાં ફફડાટ મચી જવા પામ્યો છે. અણથળા પોલીસ મથકમાંથી મળેલી વિગતો મુજબ ડીસા તાલુકાના ભેમાજી ગોળીયા નજીક થઈ એક સ્પેશીયો ગાડી વિદેશી દારૂ ભરીને પસાર થવાની છે તેવી ગુપ્ત રાહે બાતમી મળતા અણથળા પીએસઆઈ દેસાઈ સહીતના સ્ટાફે નાકાબંધી કરી હતી. જે દરમ્યાન સ્પેશીયો ગાડી (જીજે-૮-૨૯૬૮) પસાર થતી હતી જે અટકાવતા તેમાંથી વિદેશી દારૂની બોટલ (નંગ ૧૦૧૦, કિ. રૂ. ૧,૫૦,૬૦૦) મળી આવતાં પોલીસે ગાડી સહીત રૂ. ૩,૫૧,૬૦૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. તેમજ આરોપી તરસંગજી ચમનજી ઠાકોર (રહે. થેરવાડા) અને વિજય ગણપતલાલ ઠક્કર (રહે. ચલવાડા, તા. રાધનપુર વાળા) ને ઝડપી લીધા હતા જેની વધુ તપાસ પીએસઓ ઉસ્માનભાઈ ચલાવી રહ્યા છે. (તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ગુજરાતમાં દારૂબંધીના ધજીયા ઉડાડતા બુટલેગરો સામે બનાસકાંઠા જિલ્લા પોલીસે લાલ આંખ કરી વિદેશી શરાબની ખેપો મારનારાને શોધી કાઢી પાસા હેઠળ જેલમાં ધકેલ્યા છે. તે પૈકી આજે જિલ્લા પોલીસ વડા અશોક યાદવના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. પી.આઈ. રબારી અને એસ.ઓ.જી. પી.એસ.આઈ. ગઢવીની ટીમે આંતર રાજ્ય સરહદેથી ગુજરાતમાં ટ્રકો દ્વારા છુપી રીતે વિદેશી દારૂની તસ્કરી કરતા બે પરપ્રાંતિઓ સંજયખાન મુન્સીખાન તેલી (રહે. દોલતપુર, જિ. મથુરા, યુ.પી.) અને ભરત ભૂષણ શ્રીરામ શર્મા (રહે. દિલશાહ ગાર્ડન દિલ્હી)ને પકડી રાજકોટ અને સુરત જેલમાં મોકલી આપ્યા હોવાનું પોલીસ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

માણસા તાલુકાના મહુડી ખાતે બે શખ્સોએ વૃદ્ધ પર હુમલો કરી રફુચક્કર થઈ ગયા

માણસા, તા. ૨૭

માણસા તાલુકાના મહુડી ગામે ગઈકાલે સાંજે ૭.૦૦ વાગ્યાના સુમારમાં નજીવી બાબતે બે શખ્સોએ એક વૃદ્ધ વ્યક્તિ જાતિ વિષયક ખરાબ અપશબ્દો બોલી ગડદાપાટુનો માર મારતા ઈજાગ્રસ્તે ગામમાં રહેતા બે વ્યકતી વિરૂદ્ધ પોલીસ સ્ટેશને ફરિયાદ કરતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર માણસા તાલુકાના મહુડી ગામે રહેતા અને મજુરી કરી ઘર ચલાવતા સેનમા નટુભાઈ શંકરભાઈ ઉંમર ૪૫ વર્ષીય ગઈકાલે સાંજે ૭.૦૦ વાગ્યાના સુમારે ગામમાં વણજારા વાસ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમને લાલાજી જણાજી વણઝારા અને ગોવિંદજી જણાજી વણજારા મળ્યા હતા. ત્યારે આ બે ભાઈઓ સાથે નટુભાઈને કોઈ બાબતે બોલાચાલી થતાં બંને ભાઈઓએ ગાળો બોલી એક સંપ થઈ નટુભાઈને ગડદાપાટુનો માર મારી નીચે પાડી દઈ જાતિ વિષયક અપશબ્દો બોલી હુમલો કરતાં ભારે હોબાળો થતાં લોકો દોડી આવતા બંને હુમલાખોરો ત્યાથી ફરાર થઈ ગયા હતા. જ્યારે ભોગ બનનાર નટુભાઈને તાત્કાલિક સારવાર અર્થે દવાખાને લઈ જવામાં આવ્યા હતા. જે બાબતે ઈજાગ્રસ્તે માણસા પોલીસ સ્ટેશને ફરિયાદ આપી હતી. અને પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મહેસાણા સિવિલમાં સારવાર માટે લવાયેલ આરોપી પોલીસ જાપ્તામાંથી ફરાર

મહેસાણા, તા. ૨૭

મહેસાણા સિવિલ હોસ્પિટલમાં કમળાના રોગની સારવાર માટે દાખલ કરાયેલ ઘરફોડ ચોરીના કેસમાં સંડોવાયેલ આરોપી જાપ્તા પોલીસને થાપ આપીને ક્યાંક નાસી છૂટ્યો હોવાનો બનાવ બનતાં પોલીસતંત્રમાં ભારે દોડધામ મચી છે.

વિગત એવી છે કે તાજેતરમાં નંદાસણ પોલીસે ઘરફોડ ચોરીમાં સંડોવાયેલ મનાતા હિદાયતુલ્લા હકુઝુદીન સૈયદની ધરપકડ કરી હતી. મહેસાણા સબ જેલમાં રખાયેલ આ આરોપીને કમળાના રોગની સારવાર માટે મહેસાણા સિવિલ હોસ્પિટલના કેદી વોર્ડમાં દાખલ કરાયો હતો. દરમિયાન સવારના સાડા છ વાગ્યાના સુમારે આરોપીએ કુદરતી હાજતે જવાનું કહેતાં પરજ પરના પોલીસગાર્ડ હાથકડી કાઢી તેને શૌચાલયમાં લઈ ગયા હતા. બાદ ગાર્ડને ધક્કો મારીને આરોપી અચાનક ભાગી છૂટ્યો હતો. નાસી ગયેલ આરોપીને પકડવા માટે પોલીસે પ્રયત્ન કર્યો હતો. પરંતુ આરોપી પકડાયો ન હતો. આ બાબતે મહેસાણાએ ડીવીઝન પોલીસમથકે નાસી ગયેલ આરોપી સામે ફરીયાદ નોંધાતા પોલીસે આરોપીને શોધવા તજવીજ હાથ ધરી છે. પોલીસ જાપ્તામાંથી આરોપી નાસી છૂટતાં ફરજમાં કથિત બેદરકારી બદલ જાપ્તા પોલીસની વિરૂદ્ધમાં ખાતાકીય રાહે પગલાં ભરાય તેવી સંભાવના છે.

સમાચાર ઝલક

- વડોદરા સ્ટેશને ચાના ફેરિયા પાસેથી લાંચ લેતો રેલ્વે પોલીસ ઝડપાયો.
- સૂરતમાં પીવાના પાણી કાકરાપાર બંધમાં લાલવવા માટે કરોડોનો ખર્ચ થશે.
- સૂરત, અમદાવાદમાં મકાનોના વેચાણ ભાવમાં કડાકો બોલ્યો છે.
- નોટિસનો ખુલાસો કરવાનો પીઠ વકીલ શ્રી રામ જેઠમલાણીનો સમય નથી.
- જાપાન ૭ પ્રોજેક્ટો ગુજરાતમાં સ્થાપશે, જાપાનના રાજદૂતની મુખ્યમંત્રી સાથે મુલાકાત.
- ગુજરાતમાં શિયાળામાં ખાંસી, ઉધરસ, શરદીને તાવનું વધેલું પ્રમાણ.
- ૪ હજાર જવાનો સરહદ પર શહિદ થયા : સંરક્ષણમંત્રી
- પશ્ચિમ બંગાળમાં બાળકોના મોત સામે કેન્દ્રની નારાજગી, રાજ્ય સરકાર નિસ્કીય.
- આદર્શ સોસાયટીના આરોપીનું મોત.
- અમદાવાદમાં આનંદનગરમાં વૃધ્ધાની હત્યા અને ૩૫ લાખની લૂંટ.
- બ્રિટનમાં પૂરથી ભારે નુકશાન, લાખો લોકો બેઘર.
- ઇજિપ્તમાં મોટા પ્રમાણમાં દેખાવો.
- શેરબજારમાં તેજીનો રૂખ.
- કરિશ્માકપૂર અને સંજયકપૂરના છૂટાછેડા, અફવા હોવાનો ખુલાસો કરતાં સંજયકપૂર.
- મુંબઇમાં રેલ્વે યાત્રીઓના ૨૪ કલાકમાં ૧૭ લોકોનાં કરૂણમ મોત.
- પાકિસ્તાનમાં પત્રકારની ગાડીમાંથી બોમ્બ મળી આવ્યો.
- ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીમાં ૬૦૦૦૦ ઈ.વી.એમ. મશીનનો ઉપયોગ કરાશે.
- રાજકોટમાં ભરવાડબંધુઓના આતંકથી રોષ.

કોંગ્રેસની વિચારણા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધીનગર બેઠક પરથી કોંગ્રેસ શંકરસિંહ વાઘેલાને ચૂંટણી મેદાનમાં ઉતારવાનો નિર્ણય લીધો છે. અને આ અંગે કોંગ્રેસ મોવડીમંડળે શંકરસિંહ વાઘેલા સાથે ચર્ચા કરીને તેમને જાણ કરતાં ગાંધીનગર ઉત્તર બેઠક પરથી શંકરસિંહ વાઘેલાનું નામ નિશ્ચિત મનાઈ રહ્યું છે.

શંકરસિંહ વાઘેલા ગાંધીનગર ઉત્તર પરથી ચૂંટણી લડનાર હોઈ ભાજપ શંકરસિંહ વાઘેલા સાથે કર્મચારી આગેવાન વિષ્ણુ પટેલને મેદાનમાં ઉતારનાર છે.

રાજ્ય કર્મચારી સંકલન સમિતિના અધ્યક્ષ વિષ્ણુભાઈ પટેલને ભાજપ દ્વારા નિર્દેશ આપવામાં આવતાં વિષ્ણુભાઈ પટેલે આજે નોકરીમાંથી રાજીનામુ આપી દીધુ છે.

ગાંધીનગર ઉત્તર બેઠક પરથી કોંગ્રેસના દિગ્ગજ નેતા શંકરસિંહ વાઘેલા ચૂંટણી લડનાર છે ત્યારે ગાંધીનગર બેઠક પરની ચૂંટણી રસપ્રદ બની રહેશે. ગાંધીનગર શહેરમાં મોટી સંખ્યામાં કર્મચારીઓ વસતા હોઈ ભાજપે કર્મચારી આગેવાનને કોંગ્રેસના દિગ્ગજ નેતા શંકરસિંહ સામે ચૂંટણી મેદાનમાં ઉતારવાનું નક્કી કર્યું છે.

Hello ફ્રેન્ડસ ! (પાના નં. ૨ નું ચાલુ)

અત્યારે કોલેજમાં દિવાળ વેકેશન ચાલે છે. કોલેજનાં લેક્ચર્સ, પ્રેક્ટીકલ્સ, પ્રેઝન્ટેશન, પ્રોજેક્ટસ આ બધી ઝંઝોટોથી દૂર થઈ માત્ર રજાની મજા ચંગસ્ટર્સ માણે છે. પણ તોય પેલી ગલ્લાની બેઠકો ઘટવાને બદલે વધી જાય છે... દિવાળીમાં માણેલી મજા, લીધેલો નવો સ્માર્ટફોન કે પછી અમદાવાદમાં જોયેલી સેહવાગ - પૂજારાની બેટીંગ એ હોટ ટોપીક હોય છે... આવાં ગલી-નાકે આવેલાં સ્પોટ પર એક સૌનો મનગમતો વિષય એટલે કોકને સરનામું બતાવવાનો, કોનું ઘર ગોતો છો? માત્ર નંબરથી નહીં ચાલે નામ બોલો, બસ મહેમાનને આખો નકશો સમજાવશે અને છેલ્લે પાછા કહેશે ચ ખરાં, છતાંય ના મળે તો અહીં પાછા આવજો તમને મુકી જવાની વ્યવસ્થા ગોઠવીશું!!

બે કટીંગ ચા અને ભગત સાથે વાતોની છોળો ઉડે એનાં ઓબામાથી નરેન્દ્ર મોદી, અમિતાભથી અક્ષય, સન ઓફ સરદાર થી જબ તક હૈ જાનમાં કોણ બાજી મારશે... ઓહ માય ગોડ.. કે બર્ફી કોણ શ્રેષ્ઠ, યુવરાજની કેન્સર પછીની બેટીંગ, દિવાળી અંકોમાં છપાયેલી વાર્તા - કવિતા - કાર્ટૂન પણ ચર્ચાની બારીમાંથી છટકી ના શકે... કેટલાંય ગોસીપ બાળ ઠાકરેના વારસદારોને હાથ મિલાવવાથી લઈ કસાબને ફાંસીએ લટકાવવાં સુધીનાં બ્રેકીંગ ન્યૂઝ ગલ્લેથી જ બ્રેક થતાં હોય છે.. એમાંય સેકટરની, સોસાયટીની કઈ છોકરી કે છોકરો કોને લઈને ફરે છે એ આ ગલ્લા પાર્ટીની દૂરબીનમાંથી છટકી જ ના શકે !!

મિત્રો, જગ્યા અલગ અલગ છે પણ ગલ્લો, કિટલી, કેન્ટીન, સર્કલ, બાંકડો, ચોરો, નુક્કડ, બસસ્ટેન્ડ કે મેદાન દરેકને એક આગવી બેઠક- અડ્ડો ગમતો જ હોય છે... દરેકની લાઈફમાં આવી એકાદ જગ્યા અને ત્યાં બનતી જામતી ચર્ચાઓ અને ક્યારેક મુસીબતમાં મળી જતી મફતનાં ભાવની સલાહ કે આર્થિક સહયોગ કદાચ પરિવાર તરફથી પણ નથઈ મળતો.. સમાચારોનું આદાન-પ્રદાન કે ધંધાની ચર્ચા અહીંથી કંઈક પ્રાપ્ત થાય જ.. કોલેજ કેન્ટીન પર ટીપ્સ, જર્નલ કે પ્રેજન્ટેશનની તૈયારીઓ થઈ જાય.. એકંદરે આવી જગ્યાઓ માત્ર મનોરંજન, ટોળાટપ્પા કે છઠ્ઠા મશ્કરીનાં બદલે ક્રિએટીવ કાર્ય અને ઈમોશનલ રિલેશનમાં પણ મહત્વનો ભાગ ભજવે છે!!

ચૂંટલો :

જિંદગીની રોજની ઘટમાળમાંથી અલગ જ સ્ફુર્તિ - તાજગી આપતી આ જગ્યાઓની ધીંગા - મસ્તીની ક્ષણો ઘણીવાર જીવવાનું કારણ બને છે. ભલભલી ચર્ચાઓમાં આપણી એક્સપર્ટ કોમેન્ટ અને માહિતીથી આપણું ગ્રુપ મજાની સાથે અનોખી આત્મિયતા માણે છે.

નૂતન વર્ષાભિનંદન...
ધી મોડાસા નાગરિક સહકારી બેન્ક લી.
શ્રી જગદીશભાઇ એમ. ગાંધી ચેરમેન
શ્રી પ્રદીપકુમાર આર. શેઠ મેનેજીંગ ડીરેક્ટર
શ્રી દીપકકુમાર આર. શાહ મેનેજીંગ ડીરેક્ટર
નૂતન વર્ષાભિનંદન પાઠવે છે
તથા
બોર્ડ ઓફ ડીરેક્ટર્સ
તથા
સ્ટાફ પરિવાર

નૂતન વર્ષાભિનંદન...
ધી સર્વોદય સહકારી બેંક લી, મોડાસા
'સર્વોદય ભવન' મખદૂમ હાઈસ્કૂલ રોડ, મોડાસા-૩૮૩૩૧૫. જિ. સાબરકાંઠા
Ph. : (02744) 246527, 245483 (Loan) 246149 (Fax) 245696
E-mail : thessb_bank@yahoo.com
(૧) ઇકબાલહુસેન જી. ઇપ્રોલીયા ચેરમેન
(૨) ઇબ્રાહીમ ડી. ભૂરા મેને.ડીરેક્ટર
(૩) મો. યાસીન જી. કાજી મેને. ડીરેક્ટર
(૪) મો. યુસુફ જી. ખાલક શાખ ક. ચેરમેન
(૫) મો. યાસીન જી. ઘોરી મેનેજર

નૂતન વર્ષાભિનંદન...
Sumermal G. Jain
Ex. Vice President, APMC, Modasa.
Ex. President, Modasa, Nagarpalica
દૂધ મલાઈ બ્રાન્ડ, કપાસીયા ખોળ નકલની સાવધાન
M/s. Ranmal Sumermal
B-3/4, Marketyard, MODASA-383315.
Resi. 95, Rampark Society
Ph. : 02774 (O) 246862 (R) 242917
(M) 98791 82435

નૂતન વર્ષાભિનંદન...
પ્રો. ગણપતભાઇ
ઉમિયા કન્સ્ટ્રકશન
હિંમતનગર

નૂતન વર્ષાભિનંદન... અમૃતભાઇ એસ. પટેલ
(M) 9925040316
A. S. Patel
GOVT. CONTRACTOR
F/8, Smt. Kapilaben, J.B. Shah Mahila Shopping, Nr. Court, Malpur Road, Modasa. (S.K.)
Resi. : 30, Shrinagar So., Malpur Road, Modasa (S.K.)

નૂતન વર્ષાભિનંદન...
Tin No. 24051000842 S.T.D. : 02774 243443
Mo. 9426566398
M.S.T. No. 4/4/49 R.L.No 386/08
Shree Gajanand Petrolium
Shamlaji Road, Modasa
શ્રી ગજાનંદ પેટ્રોલિયમ
ડિલર : ઇન્ડિયન ઓઇલ લી.
શામળાજી રોડ, મોડાસા

નૂતન વર્ષાભિનંદન...
ધનસુરા તાલુકા ફેરપ્રાઇઝ શોપ્સ
મામલતદારશ્રી
નાયબ મામલતદારશ્રી
સંચાલકશ્રીઓ તથા સ્ટાફ પરિવાર

નૂતન વર્ષાભિનંદન...
જય અંબે ઇન્ડસ્ટ્રીઝ
ખેમચંદભાઇ પટેલ
જી.આઇ.ડી.સી., મોડાસા
ફોન : ૨૪૭૩૭૨

SANGHI CEMENT · KisaN · VINAYAK 500 TMT BARS - ISI · SANGHI STEEL - ISI · BENELAVE · R.FIXIT · ashirvad C. PVC, UPVC · TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

નૂતન વર્ષાભિનંદન...
દેવાંગ ડેરી
શુધ્ધતાનું પ્રતિક દૂધ, દહીં, ઘી, મઠો, વિગેરેના વહેપારી
પ્રો. વિનોદકુમાર
ઠે. અરવલ્લી ચોક, મોડાસા

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! · CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટયૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઘ.) ૨૩૨૬૧૧૬૩, ૩૨૦૬૦૫૨૨, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨,